માનનીય અધ્યક્ષ શ્રી,

15 મી ગુજરાત વિધાનસભાના ચોથા સત્રના અંતિમ દિવસે વાઇબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમીટ 2024 નો પ્રસ્તાવ લઈને આવવાનું મને સૌભાગ્ય મળ્યું છે તે બદલ આપનો ખૂબ ખૂબ આભાર વ્યક્ત કરું છું..

કોઈપણ પ્રદેશના સર્વાંગી વિકાસ માટે સૌથી અગત્યનું પાસું છે ઉદ્યોગ ધંધા રોજગાર વ્યવસાય..

માનનીય અધ્યક્ષ શ્રી,

અમૃત કાળની પ્રથમ વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમીટના અતિભવ્ય આયોજન બદલ રાજ્યના મૃદુ મક્કમ લોકપ્રિય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ સાહેબ,રાજ્યના ઉદ્યોગમંત્રીશ્રી બળવંતસિંહજી રાજપુત સાહેબ, મંત્રી મંડળના સન્માનીય મંત્રીશ્રીઓ, તથા સમગ્ર ગુજરાત સરકારના વહીવટીતંત્રને ખુબ ખુબ અભિનંદન પાઠવું છું. અને વાયબ્રન્ટ સમીટના આયોજનના ભાગરૂપે આપણા મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ સાહેબએ જે રીતે વન ટુ વન ઊર્જાશભર બેઠકો કરી રહ્યા હતા તે ખરેખર અભિનંદનને પાત્ર છે.તથા અતિથી દેવો ભવ ના મંત્ર સાથે સમગ્ર વાયબ્રન્ટ સમીટ દરમિયાન સુરક્ષા પૂરી પાડનાર રાજ્યના ગૃહ વિભાગને વિશેષ અભિનંદન પાઠવું છું.

માનનીય અધ્યક્ષ શ્રી,

મારે થોડીક વાત કરવી છે ભૂતકાળની..વર્ષ ૨૦૦૩ પહેલા આપણે સૌએ જોયું છે કે રાજ્યમાં વેપાર,ધંધા,રોજગાર ક્ષેત્રમાં પરીસ્તિથીઓ ખુબજ ખરાબ હતી. ભૂતકાળમાં જે અમદાવાદ માંન્ચેસ્ટર ગણાતું તેમાં અનેક કોમી રમખાણો થતા હતા અને વેપાર ધંધા પડી ભાંગ્યા હતા.

અને એના બાદ રાજ્યમાં આવી ગ્લોબલ સમીટ થકી એક સુવર્ણ યુગ શરૂ થયો..તત્કાલીન મુખ્યમંત્રી અને અત્યારના વૈશ્વિક નેતા,યુગ પુરુષ,અને ભારત દેશના લોકપ્રિય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબની વિશ્વ કલ્યાણની ભાવનાંથી તેમના મુખ્યમંત્રી તરીકેના કાર્યકાળ દરમિયાન ભારતની સમૃદ્ધિ અર્થે ગુજરાતની સમૃદ્ધિનો માર્ગ કંડારવા કરેલ નાનકડી શરૂઆતથી પોતાની સફરના 20 વર્ષ પૂર્ણ કરી વાઇબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટને આજે એક વિશ્વસ્તરીય ઓળખ આપી છે એટલું જ નહિ પરંતુ આમાંથી પ્રેરણા લઇ અનેક દેશોએ, રાજ્યોએ, અને સમાજોએ પણ આની શરૂઆત કરી છે.

માનનીય અધ્યક્ષ શ્રી,

ગુજરાત એ માત્ર ચાર અક્ષરનો બનેલો શબ્દ નથી પરંતુ લાખો કરોડો લોકોના સપના સાકાર કરવાની પવિત્ર ભૂમિ છે.

ગુજરાતની છબી રાતો રાત બની નથી બે દાયકા પૂર્વે આપણા નરેન્દ્રભાઈએ સૌનો સાથ સૌનો પ્રયાસ સૌનો વિકાસ સાથે શરૂ કરેલી વિકાસયાત્રાનું સફળ પરિણામ છે.

માનનીય અધ્યક્ષ શ્રી,

નરેન્દ્ર મોદી સાહેબના ગુજરાતના મુખ્યમંત્રી તરીકેના કાર્યકાળથી શરૂ કરાયેલી અને "વન વર્લ્ડ વન ફેમીલી વન ફ્યુચર" ના સૂત્રને સાર્થક કરતી આ વાઇબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ આજે નોલેજ શેરિંગ અને સ્ટ્રેટેજીક પાર્ટનર શિપ માટેના પ્રતિષ્ઠિત વૈશ્વીક મંચ તરીકે ઉભરી આવી છે.

વિનાશમાંથી વિકાસ, નિરાશામાંથી આશા અને આપદાને અવસરમાં ફેરવવાની નરેન્દ્રભાઈની કુનેહના કારણે બનેલ ગીફ્ટ સીટી,સ્ટેચ્યુ ઓફ યુનિટી,ધોલેરા,અને વાઇબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ જેવા પ્રોજેક્ટો આજે આપણા રાજ્યની એક વિશિષ્ટ ઓળખ બની છે.

માનનીય અધ્યક્ષ શ્રી,

અમૃત કાળની આ પ્રથમ વાઇબ્રન્ટ સમિટમાં ચાર દેશોના રાષ્ટ્રીય અધ્યક્ષો, 40 થી વધુ દેશોના મંત્રીશ્રીઓ,140 થી વધુ દેશના પ્રતિનિધિ મંડળો અને વિશ્વની નામાંકિત કંપનીના સી.ઈ.ઓ તથા સંખ્યાબંધ ઉદ્યોગપતિઓએ ભાગ લઈ ગુજરાતની આ વિકાસ યાત્રામાં જોડાવાનો સંકલ્પ વ્યક્ત કર્યો છે જે આપણા સૌના માટે ગૌરવ અને આનંદની વાત છે.

વેપાર અને વાણિજ્ય જેના લોહીમાં વહે છે એવી છાપ ધરાવતા ગુજરાતીઓના વેપાર વાણિજ્યના 5000 વર્ષના ઇતિહાસમાં વસુદેવ કુટુંબની ભાવના પ્રતિબિંબિત થાય છે.

માનનીય અધ્યક્ષ શ્રી,

ગુજરાતના આંગણે યોજાતી આ સમિટ આર્થિક ઉત્કર્ષની સાથે સાથે સંસ્કૃતિનો આદાન-પ્રદાન કરવા માટેનું એક મજબૂત મંચ બની રહ્યું છે.

ગુજરાતના સપુત અને વિશ્વ માનવ મહાત્મા ગાંધીની સમૃધ્ધિ અને સંદેશને જીવંત કરતા મહાત્મા મંદિરના પ્રાંગણમાં યોજાતી ગુજરાત ગ્લોબલ સમિટએ સમગ્ર વિશ્વનું ધ્યાન ખેંચ્યું છે..

માનનીય અધ્યક્ષ શ્રી,

છેલ્લા 20 વર્ષમાં વાઇબ્રન્ટ સમિટએ વૈશ્વિક સ્તરે નવા વિચારોને પ્લેટફોર્મ આપ્યું છે તેમજ નવા રોકાણો અને વળતર માટે નવો માર્ગ કંડાર્યો છે અને તે ઇકોનોમિક ડેવલપમેન્ટ અને ઇન્વેસ્ટમેન્ટ સાથે જોડાયેલી જાણકારી અને અનુભવ વેચવાનું ગ્લોબલ પ્લેટફોર્મ બન્યું છે..

જેના ભાગરૂપે ગુજરાતે છેલ્લા બે દાયકામાં સાતત્યપૂર્ણ વિકાસ કરી જી.એસ.ડી.પીમાં 14.89 ટકાનો વિકાસ દર હાંસલ કર્યો છે..

વર્ષ 2001માં દેશના જીડીપીમાં રાજ્યનો ફાળો 5.1% હતો જે આજે વધીને 8.2 ટકા થયેલ છે..

માનનીય અધ્યક્ષ શ્રી,

આમ ગુજરાત દેશના વિકાસમાં પોતાનો ફાળો ઉતરોતર વધારી દેશના ગ્રોથ એન્જિન તરીકે પ્રસ્થાપિત થયેલ છે. રાજ્યની વણથંભી વિકાસયાત્રાના પ્રણેતા અને યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી સાહેબએ આઝાદીની સત્તાબ્દી એટલે કે વર્ષ 2047 સુધીમાં ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવા **વિકસીત ભારત 2047** નું આહવાન કર્યું છે..

માનનીય અધ્યક્ષ શ્રી,

વિકસિત ભારતની આ સંકલ્પનામાં ગુજરાત અગત્યનો ફાળો ભજવી દેશના આર્થિક અને સામાજિક વિકાસનો સુકાન સંભાળે તે દિશામાં અગ્રેસર થવા રાજ્યના મૃદુ - મક્કમ અને સરળ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સાહેબના નેતૃત્વમાં રાજ્ય સરકારે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે અનેક સિદ્ધિઓ હાંસલ કરી રહી છે.

માનનીય અધ્યક્ષ શ્રી,

કોરોના પછી પ્રથમ વખત યોજાયેલ આ વર્ષની વાઇબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટની મુખ્ય થીમ "ગેટ વે ટુ ધ ફ્યુચર"હતી.

વાયબ્રન્ટ સમિટને હજુ પણ ગ્રાસરૂટ સુધી પહોંચાડી જીલ્લાના સ્થાનિક નાગરિકો અને નાના સ્થાનિક કક્ષાના ઉદ્યોગોની ભાગીદારી વધે તેવા ઉદેશ સાથે આ વર્ષે રાજ્ય સરકારે રાજ્યના તમામ જિલ્લામાં " વાયબ્રન્ટ ગુજરાત વાયબ્રન્ટ ડિસ્ટ્રિક્ટ " નું ભવ્ય આયોજન કર્યું.

જેના ભાગરૂપે મારા બનાસકાંઠા જીલ્લામાં માનનીય અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરી સાહેબ અને ઉદ્યોગ મંત્રી તથા બનાસકાંઠા જીલ્લાના પ્રભારી મંત્રી શ્રી બળવંતસિંહ રાજપૂત સાહેબના ના નેતૃત્વ હેઠળ ભવ્ય આયોજન થયું.મારા બનાસની મુખ્ય શક્તિ કૃષિ,ડેરી,માર્બલ ગ્રેનાઈટ, છે. ત્યારે એ સમીટમાં ડેરી,ઓઈલ,એગ્રો,માર્બલ,ગ્રેનાઇટ, તેમજ સોલાર પ્રોજેક્ટને આવરી લેતા અને લગભગ ૭૨૦ માનવશક્તિને પ્રત્યક્ષ તથા પરોક્ષ રીતે રોજગાર મળી રહે તે પ્રકારના અનેક એમ.ઓ.યુ થયા જે આવનારા સમયમાં બનાસ માટે પ્રગતિના અનેક દ્વાર ખોલશે.

માનનીય અધ્યક્ષ શ્રી,

મને એ વાત જણાવતા પણ આનંદ થાય છે કે ભારતને આંતરરાષ્ટ્રીય સ્તરે અનેક બાબતોમાં પોતાની છબી ઉજાગર કરવા માટે અને વૈશ્વિક સમસ્યાઓમાં પોતાનો મત મજબૂત રીતે રાખવા માટે ગત વર્ષે **G-20** ની યજમાની મળી હતી.જેના ભાગરૂપે ગુજરાત સહિત ભારતમાં સફળ રીતે આયોજન કરવામાં આવ્યું હતું. **જી-20** ની ગુજરાતમાં યોજાયેલ વિવિધ 17 બેઠકોની સફળતાનો યશ ટીમ ગુજરાતને જાય છે. આપણે **G 20** ની બેઠકો ખૂબ જ સારા આયોજન સાથે પૂર્ણ કરીને ગુજરાતની એક આગવી ઈમેજ ઊભી કરી છે.

માનનીય અધ્યક્ષ શ્રી,

અમૃતકાળની આ પ્રથમ વાઇબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ વિકસિત ભારત **2047** માટે રાજ્યના રોડમેપ ના લક્ષ્યાકોને સિદ્ધ કરવામાં સીમાચિન્હરૂપ બની રહેશે તેવો મને સંપૂર્ણ ભરોશો અને વિશ્વાસ છે.

આ વર્ષની વાઇબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટમાં દેશ વિદેશના વિવિધ ઉદ્યોગપતિઓને મૂડી રોકાણની તકો વિશે માહિતગાર કરીને સફળ બનાવવાનો પૂરો પ્રયત્ન કરવામાં આવ્યો..અને વિવિધ ક્ષેત્રમાં આશરે **45 લાખ કરોડથી** વધુ રકમના **98,000** થી વધુ **એમ.ઓ. યુ**. કરવામાં આવ્યા.

માનનીય અધ્યક્ષ શ્રી,

આનાથી રાજ્યના વિકાસનો પાયો નક્કર અને મજબૂત બનનાર છે ત્યારે ગુજરાત રાજ્યમાં ઉભી થયેલી વિકાસની આશાને વાસ્તવિકતામાં પરિવર્તિત કરવા માટે જરૂરી અસરકારક પગલાં લેવા આ સભા ગૃહ માં આપણે સૌ ચર્ચા કરી રહ્યા છીએ તે ખૂબ આનંદની વાત છે..

આપણા મૃદુ અને મક્કમ એવા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સાહેબનો સંકલ્પ આપણું ગુજરાત "ફાઈવ - જી" ગુજરાત બને.

તેઓની "ફાઈવ - જી"ની કલ્પના છે કે આપણું ગુજરાત "ગરવી ગુજરાત" "ગુણવંતું ગુજરાત" " ગ્રીન ગુજરાત" "ગ્લોબલ ગુજરાત" અને "ગતિશીલ ગુજરાત" બને.

આવો આપણે સૌ સાથે મળી ગુજરાતને ફાઈવ જી બનાવીએ.

માનનીય અધ્યક્ષ શ્રી આપે મને બોલવાની તક આપી તે બદલ આપનો હ્દયપૂર્વક આભાર સાથે ભારત માતા કી જય ..

**જય જય ગરવી ગુજરાત...**